## અનુક્રમણિકા


| પ્રકરણ | પ્રકરણમાં આવતી વિગત | પાનું |
|---|---|---|
| ૦૧. | કવિએ ઈષ્ટદેવના સ્મરણપૂર્વક કરેલું મંગલાચરણ. | ૧ |
| ૦૨. | ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ અર્થે કવિએ સહુ સંતોને કરેલી સ્તુતિ. | |
| ૦૩. | ગ્રંથના માહાત્મ્યનું નિરુપણ. | |
| ૦૪. | હિમાદ્રિનું વર્ણન તથા બદ્રિકાશ્રમમાં રહેલા શ્રી નારાયણ પાસે ઋષિઓનું આગમન. | |
| ૦૫. | ઋષિઓનાં નામ તેમણે કરેલું નરનારાયણ દેવનું પૂજન. | |
| ૦૬. | ઋષિઓએ શ્રી નરનારાયણની સ્તુતિ કરી ભરત ખંડમાં વ્યાપેલા અધર્મના સમાચાર કહ્યા. | |
| ૦૭. | ધર્મ ભક્તિનું આગમન—દુર્વાસા ઋષિનો શાપ, ધર્મ ભક્તિની પ્રાર્થનાથી કરેલો અનુગ્રહ. | |
| ૦૮. | શાપ એ અવતાર ધરવાનું નિમિત્ત હતું. એમ દર્શાવી ભક્તિ ધર્મના પુત્રરુપે પ્રગટ થઈ ધર્મ સ્થાપન કરવાનું પ્રભુએ આપેલું વરદાન ને અસુરોએ કરેલું પરિયાણ. | |
| ૦૯. | અસુરોનો ઉપદ્રવ અને તેમનાં દુષ્કૃત્યો. | |
| ૧૦. | ઈટારગામમાં બાલશર્મા અને ભાગ્યવતી ગૃહે ધર્મ દેવનો જન્મ સં. ૧૭૯૬ કારતક સુદી ૧૧. | |
| ૧૧. | છપૈયામાં કૃષ્ણશર્મા અને ભવાની ગૃહે ભક્તિમાતાનો જન્મ સં. ૧૭૯૮ કા. સુ. પુનમ—ધર્મ ભક્તિનો વિવાહ તથા પતિવ્રતાના ધર્મોનું નિરુપણ. | |
| ૧૨. | બાલશર્માએ વર્ણવેલા વર્ણાશ્રમના ધર્મ, રામપ્રતાપજીનો જન્મ, અસુરના ઉપદ્રવથી ધર્મભક્તિનું અયોધ્યા, કાશી થઈ પ્રયાગમાં આગમન જ્યાં રામાનંદ સ્વામીનો મેળાપ અને ભાગવતી દીક્ષાગ્રહણ. | |
| ૧૩. | રામાનંદ સ્વામીએ એકાંતિક ધર્મનો ઉપદેશ કર્યો ભક્તિ ધર્મનું ઘરે પાછા આવવું, રામપ્રતાપજીને જનોઈ, અસુર ઉપદ્રવથી પીડાતાં ભક્તિદેવીને ધર્મે કરેલો ઉપદેશ. | |

૧૪. હનુમાનજીનું સ્તવન અને આજ્ઞાનુસાર દંપતીનું વૃંદાવનમાં ગમન, જ્યાં ભગવતદર્શન થતાં ધર્મે કરેલી સ્તુતિ.

૧૫. ભગવાને ધર્મભક્તિને ત્યાં પુત્રરુપે પ્રકટ થઈ અસુરવિનાશ અને ધર્મ સ્થાપનનું આપેલું વરદાન. ઘેર જતાં અવિદ્યાનું મળવું ને અશ્વત્થામાનો શાપ.

૧૬. શાપથી શોકાતુર ધર્મભક્તિને હનુમાનજીએ આપેલું આશ્વાસન. સં. ૧૮૩૭ના ચૈત્ર સુદી નવમી ને સોમવારે સર્વોપરી સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનું પ્રાગટ્ય ને ભક્તિમાતાને દિવ્યરુપે દર્શન થતાં માતાએ કરેલી સ્તુતિ.

૧૭. ધર્મદેવ વડે પુત્રનું જાતકર્મ, અસુરોને થયેલાં અપશુકનો, કાલિદત્તે મોકલેલી કૃત્યાઓનો હનુમાનજીએ કરેલો નાશ.

૧૮. માર્કન્ડેય મુનિએ શ્રીહરિનું કરેલ નામકરણ, ભગવાનના ભૂમિ ઉપવેશન, કર્ણવેધ, અન્નપ્રાશન સંસ્કાર ને બાળલીલા.

૧૯. રામપ્રતાપજીનો વિવાહ, પ્રભુનો ચૌલસંસ્કાર, કાલીદત્તનો પ્રભુના ઐશ્વર્યથી થયેલો વિનાશ.

૨૦. ભક્તિધર્મનું અયોધ્યા આગમન, પ્રભુની અલૌકિક રુચિ.

૨૧. ઈચ્છારામજીનો જન્મ ને ભગવાનનાં દિવ્ય બાલચરિત્રો.

૨૨. પ્રભુને ઉપનયન સંસ્કાર આપી ધર્મદેવે કરેલો ઉપદેશ.

૨૩. પ્રભુએ સર્વ શાસ્ત્રના સારરુપ ગુટકો લખ્યો ને મારવા આવેલા અસુરોનો દ્રષ્ટિમાત્રથી કરેલો નાશ.

૨૪. પ્રભુએ ભક્તિમાતાને આપેલું જ્ઞાન (હરિગીતા), પોતાનું દિવ્ય દર્શન ને ભક્તિમાતાનો દેહ ત્યાગ. ધર્મદેવે રામપ્રતાપ તથા ઈચ્છારામને આપેલો ઉપદેશ.

૨૫. અંતકાળ પહેલાં શ્રીજીએ ધર્મદેવને દિધેલું દિવ્ય દર્શન.

૨૬. ધર્મદેવે રામતપ્રતાપ તથા ઈચ્છારામને આપેલો ઉપદેશ ભાગવત્ સપ્તાહ ને ધર્મદેવની દિવ્યગતિ પછી હરિનો ગૃહત્યાગ.

૨૭. અયોધ્યાવાસીઓનો વિલાપ.

૨૮. વર્ણીનું વનવિચરણ—કાળા પર્વત ઉપર વડ નીચે, મારવા આવેલા કાળભૈરવનો નાશ કરી હનુમાનજીએ શ્રીજીનું કરેલું સંરક્ષણ.



૨૯. વનમાં ભૂલા પડેલ વર્ણિને મૂર્તિમાન હિમાલયે માર્ગ દર્શાવ્યો, પુલહાશ્રમમાં, મુક્તનાથના દર્શન, સુર્યદેવની પ્રસન્નતા.

૩૦. બુટોલનગરના મહાદત્ત રાજાનું કરેલું કલ્યાણ, વનમાં ગોપાળ યોગીનો મેળાપ અને કરેલો યોગાભ્યાસ.

૩૧. ગોપાળ યોગીને બ્રહ્મરુપ કરી દિવ્યગતિ આપી, આદિવરાહ તીર્થમાં થઈ સીરપુરના રાજા સિદ્ધિવલ્લભને ઐશ્વર્ય જણાવી વર્ણીનું કામાક્ષી દેવી ક્ષેત્રમાં આવવું.

૩૨. પિબૈકને ઐશ્વર્યથી પોતાનો આશ્રિત કરી, બીજા સિદ્ધોને રજા આપી નવલખા પર્વત પ્રતિ ગમન.

૩૩. નવલાખ યોગીને નવલાખ રુપ ધારણ કરી તેમને મળી, કલ્યાણ કરી કપિલાશ્રમમાં થઈ જગન્નાથપુરીમાં આવી અસુરોનો કરાવેલો વિનાશ.

૩૪. આદિકૂર્મ, માનસપત્તન, વેંકટાદ્રિ, શિવકાંચી, વિષ્ણુકાંચી, શ્રીરંગ, સેતુબંધ, સુંદરરાજ વગેરે સ્થળે શ્રીજીનું વિચરણ. શાલીગ્રામની તૃષાતૃપ્તિ, વર્ણીને છઠ્ઠા ઉપવાસે વનમાં શંકર પાર્વતિએ જમાડેલો સાથવો.

૩૫. ભૂતપુરી, કુમારીકન્યા, પદ્મનાભ, જનાર્દન, આદિકેશવ, મલિયાચલ, સાક્ષીગોપાલ, કિષ્કિંધાનગર, પંઢમપુર, દંડકારણ્ય, નાસિકત્ર્યંબક વગેરે તીર્થોમાં ફરી ભીમનાથ, ગુપ્તપ્રયાગ, લોઢવા થઈ લોજ ગામે વર્ણી પધાર્યા.

૩૬. રામાનંદ સ્વામીના જન્મનું વૃત્તાંત-તીર્થાટન નિમિત્તે ઘરનો ત્યાગ.

૩૭. રામાનંદ સ્વામી અને આત્માનંદ સ્વામીનો મેળાપ, તેઓ નિરાકાર મતવાળા હોવાથી તેમનો ત્યાગ કરી શ્રીરંગમાં આગમન જ્યાં સમાધિમાં રામાનુજના દર્શન થયાં અને વૈષ્ણવી દીક્ષા પામ્યા.

૩૮. સ્વામીનું વૃંદાવનમાં આવવું, ત્યાં શ્રીકૃષ્ણ ભગવાને પ્રત્યક્ષ દર્શન આપી ઉદ્ધવ સંપ્રદાય સ્થાપવા આપેલો આદેશ. ત્યાંથી પ્રયાગમાં ધર્મભક્તિનો મેળાપ; લોજની વાવ ઉપર રામાનંદ સ્વામીના શિષ્ય સુખાનંદ સ્વામીનો વર્ણી સાથે મેળાપ.

૩૯. શ્રીહરિ અને મુક્તાનંદ સ્વામીનો મેળાપ, વર્ણીએ પૂછેલ પ્રશ્નોના મુક્તાનંદ સ્વામીએ આપેલા યથાર્થ ઉત્તરો.

૪૦. વર્ણીએ અને મુક્તાનંદ સ્વામીએ પરસ્પર કહેલું વૃત્તાંત, રામાનંદ સ્વામીનો મહિમા સાંભળી દર્શનાતુર બનેલા શ્રીહરિએ કરેલું ધ્યાન વગેરે.

૪૧. શ્રીહરિના ગુણનું વર્ણન કરી મુક્તાનંદ સ્વામીએ ભુજ રામાનંદ સ્વામી ઉપર લખેલો પત્ર.

૪૨. પોતાની રુચિ દર્શાવી રામાનંદ સ્વામી ઉપર વર્ણીએ લખેલો પત્ર.

૪૩. વર્ણીના પત્રની અને ગુણની રામાનંદ સ્વામીએ સભામાં પ્રશંસા કરી ઉત્તર આપ્યો.

૪૪. પીપલાણામાં નરશી મહેતાને ત્યાં વર્ણી અને રામાનંદ સ્વામીનો મેળાપ. વર્ણીની આધ્યાત્મિક અભિરુચિથી રામાનંદ સ્વામીએ બતાવેલી પ્રસન્નતા અને આપેલી માતા-પિતાની ઓળખાણ.

૪૫. સ્વામીએ વર્ણીની કરેલી અધિક પ્રશંસા ને સં. ૧૮૫૭ના કાર્તિક સુદ એકાદશીએ વર્ણીને મહા દીક્ષા આપી સહજાનંદ સ્વામી તથા નારાયણ મુનિ એમ બે નામ પાડ્યાં.

૪૬. રામાનંદ સ્વામીનું જેતપુર પધારવું, વર્ણીના દિવ્ય ગુણ ઐશ્વર્યો જોઈ ગાદી સોંપવાનો કહેલો સંકલ્પ, શ્રીજીએ નમ્ર ભાવે બતાવેલી તપત્યાગની રુચિ.

૪૭. સ્વામીએ વર્ણીને આગ્રહથી ગાદી સોંપી ઉદ્ધવ સંપ્રદાયના ગુરુપદે સ્થાપી વર્ણીએ માંગેલાં વરદાન આપી, સં. ૧૮૫૮ના માગસર સુદ તેરશને ગુરૂવારે ફણેણીમાં રામાનંદ સ્વામીનો દેહ ત્યાગ.

૪૮. શ્રીજીએ મહાસભા ભરી શોક નિવારણ માટે આપેલો ધર્મોપદેશ ફરેણીથી ધોરાજી, ભાડેર, માણાવદર, પીપલાણા, અગત્રાઈ, કાલવાણી થઈ માંગરોળમાં વાવ ગળાવી, ભર્યું કરી સૌને ચતુર્ભુજરૂપે દીધેલાં દર્શન.

૪૯. શ્રીહરિએ માંગરોળમાં મતવાદીઓને સમાધિ કરાવી સૌ સૌના ઈષ્ટદેવ દેખાડ્યા, સદાવ્રત ચાલુ કરાવ્યું, મેઘપુર આવી મુક્તાનંદ સ્વામીનો સમાધિ વિષેનો ટાળેલો સંશય, કાલવાણી આવી મુક્તાનંદ સ્વામીને સ્વરુપનો નિશ્ચય કરાવી અમદાવાદ પધારી સમાધિ આદિ અનંત ઐશ્વર્ય જણાવી સોરઠમાં વિચરણ.



૫૦. ઈર્ષ્યાળુ અસુરોએ કરલી ઉપાધિથી સદાવ્રત બંધ કરાવી સાધુઓને સદુપદેશ માટે ફરવાની આજ્ઞા કરી, શ્રીહરિએ સોરઠ, હાલાર, પાંચાલ, ભાલ, ગુજરાત થઈ સિદ્ધપુરનો સમૈયો કરી, મેઘપુરમાં છ માસ સુધી વિપ્ર જમાડ્યા. તુલસી વિવાહ કરી કારિયાણી પધાર્યા, ત્યાં ગઢડાથી સપરિવાર એભલ ખાચરનો મેળાપ ત્યાં તળાવ ગળાવ્યું. સર્વત્ર અસુરોએ કરેલી ઉપાધિની વાત સંતોએ શ્રીજીને ગુજરાતમાં કરી શ્રીજી ત્યાંથી વેલાલ થઈ કચ્છ પધાર્યા.

૫૧. શ્રીજીનું કચ્છ દેશમાં વિચરણ, હરિજનો ઉપર ચૈત્રી પૂનમે જૂનાગઢ આવવા પત્ર લખાવી, ધોરાજી પધારી લાલ વડે રંગ ઉત્સવ કરી, જૂનાગઢ દુર્લભદાસ ગવૈયાનું દારિદ્ર કાપી, સૌના સંકલ્પ જાણી સૌના ઘેર ભોજન કરી, ગિરનારની યાત્રા કરી, કાલવાણી પધાર્યા, અસુરોની ઉપધિને લીધે ચોટી, કંઠી, તિલકનો ત્યાગ કરાવી પાંચસો સઠતોને પરમહંસ કર્યા.

૫૨. દુર્વાસાના શાપથી મનુષ્ય દેહ ધરી શ્રીજીને મળેલા મહામુક્તોનાં (પરમહંસોનાં) કહેલાં નામ.

૫૩. પરમહંસ, સન્યાસી, બ્રહ્મચારી અને દાસનાં નામ કહ્યાં.

૫૪. શ્રીજીએ સાધુની કરેલી પ્રશંસા, સદાવ્રત બંધ કરાવી યજ્ઞો માટે આપેલો આદેશ, સોરઠમાં ફરતાં અગત્રાઈમાં પર્વતભાઈને ત્યાં રહ્યા ને આવેલા કાઠિન સંઘ સાથે આખા પીપલાણા થઈ, મેઘપુરમાં મૂળજીને અંતિમ દર્શન આપી, ભાડેર, સરધાર વગેરે સ્થળે વિચરણ; રાજકોટથી શેખપાટ થઈ ભાદરામાં એક માસ રહી ગોવિંદ સ્વામી પાસે જેતલપુરમાં યજ્ઞની તૈયારી કરાવી. માંચા, સુરા વગેરે ભક્તોને પરમહંસ થવા લખાવેલ કાગળ.

૫૫. ભાદરાથી બે સેવક લઈ કોઠારીયામાં આણદીબાઈને સમજાવી, લાલજી સુથારને ભોમિયા તરીકે લઈ તેમને આધોઈ ગામમાં

દીક્ષા આપી, નિષ્કુળાનંદ નામ આપી શ્રીજી ભુજ પધાર્યા. ત્યાં આવેલા પરમહંસોને સમજાવી ઘેર પાછા મોકલ્યા, પોતે માંડવી આવી સંતોને બોલાવી, દર્શન આપી અમદાવાદ મોકલ્યા.

૫૬. કચ્છથી સરધાર પધાર્યા, ત્યાંથી કારિયાણી ચાર માસ રહી તળાવ ગળાવી યજ્ઞ કર્યો, સાધુની બે નવી મંડળી બાંધી, પછી વઢવાણ, રામગરી, દદુકા, મછિયાવ, જેતલપુર, ડભાણ, પીજ, નડિયાદ થઈ ઉમરેઠ સાત દિવસ રહી ઘણો પ્રતાપ જણાવ્યો, રોણ્યમાં પિરાણાના મેતને ચમત્કાર દર્શાવી, બોચાસણ, બધેજ થઈ જેતલપુરમાં યજ્ઞ કરાવ્યો.

૫૭. ખોખરામાં અસુરોએ સંતોને માર્યાના સમાચાર જાણી કોપાયમાન થયેલા ક્તવત્સલ ભગવાને ચારસો સંતોને સુરત મોકલી ક્ષત્રિયો સાથે કાંકરિયામાં સ્નાન કરી પાછા ફરતાં લડાઈ કરવા આવેલ અસુરો સાથે ક્ષત્રિયોને થયેલી ઝપાઝપી.

૫૮. કોખરાથી કચ્છમાં આવી અસુરો ઉપર મર્મભર્યો પત્ર લખાવ્યો. ડભાણ આવી યજ્ઞની તૈયારી, હાથરોલીમાં સંતમંડળી બોલાવી, ત્યાંના ભીલ ભૂપતિએ પૂજા કરી, તેને યજ્ઞરક્ષાનું કામ સોંપ્યું, સુરતના સંઘે જરિયાની પોશાક ધરાવ્યો, તેજ શણગારે ઘરોઘર દર્શન આપી ડભાણ પધાર્યા, યજ્ઞમાં વિઘ્ન પાડવાની ઈચ્છાવાળા અસુરોને યુક્તિથી પાઠશાળા બહાર કાઢ્યા.

૫૯. છતાં અસુરોએ ઉપદ્રવ નહિ મૂકવાથી ઘોડેસ્વાર કાઠીઓ પાસે બંદૂકના ખાલી બાર કરાવી વિપ્રોને જમાડી દીધા, વિદ્વાનોની સભા ભરી તેમાં શ્રીજીની જીત, ઘોડાં ચોરવા આવેલા લૂંટારા જોબનપગીને બતાવેલો ચમત્કાર, પોતે પોઢેલા ત્યાં અચાનક કોઈએ ખલેલ કરતાં મનુષ્ય ચરિત્રમાં કરેલી રીસ, યજ્ઞની પૂર્ણાહુતિ કરી, બહુ લાડવા વહેંચી વધેલા તળાવમાં નંખાવ્યા.

૬૦. ડભાણથી જેતલપુર આવી સંઘને શીખ દઈ સારંગપુર, કારિયાણી થઈ ગઢડે, વળી પાછા કોટડા, બંધિયા, ગોંડલ, જેતપુર, ધોરાજી, દૂધીવદર, કંડોરડા, કાલાવડ, મોડા, અલૈયા, ભાદરા, અંજાર થઈ ભૂજ પધારીને હુતાશનીનો સમૈયો, કર્યો ત્યાંથી માનકુવા,



તેરા, કાળાતળાવે થઈ કંડોરડાની ચોરાશી કરી, અગત્રાઈમાં જન્માષ્ટમી ઉત્સવ કરી, વિપ્રસુતને યજ્ઞોપવિત આપી, જૂનાગઢ પધાર્યા, કોઈ દ્વેષીએ રાજા નવાબને ઉશ્કેર્યા પરંતુ સમજુ નવાબે ઉલ્ટું શ્રીજીને આમંત્રણ આપ્યું. ત્યાંથી ફણેણી જઈ પાંચાળ દેશમાં પધારવું.

૬૧. ગઢડામાં ભક્તોને કહેલા યજ્ઞના સમાચાર, બીજું યજ્ઞસ્થાન પૂછતાં સંતોએ જેતલપુર જ બતાવ્યું, શ્રીજીએ ભવિષ્ય ભાખેલું કે ત્યાં યજ્ઞ પૂરો નહિ થાય, છેવટે તેમજ થયું. જેતલપુરમાં યજ્ઞ કરવા પધાર્યા, પણ ઉપદ્રવને લીધે ડભાણમાં યજ્ઞની કરેલી પૂર્ણાહુતિ.

૬૨. ત્યાંથી ઝીંઝર આવી જેઠા મેરને સોનેરી શિરપાવ પહેરાવી, કુંડળ વગેરે થઈ કારિયાણીમાં હુતાશની ઉત્સવ, અલૈયાને આપેલો સોનેરી શિરપાવ, ત્યાંથી કોટડા વગેરે થઈ ભૂજમાં ભીમ એકાદશી કરી, જૂનાગઢ થઈ પાછા કારિયાણી પધાર્યા, ત્યાં સંતદાસજી આવ્યા ને આજ્ઞાથી હિમાલય ગયા, જન્માષ્ટમીનો ઉત્સવ કરી, સારંગપુર જઈ બાપુભાઈને સંન્યાસ આપી સંતોને શીખ આપી કે, 'જે જે નિયમમાંથી થાય છે બારું, તે તો ગમતું નથી અમારું.'

૬૩. ગુજરાતમાં અનેક લીલાઓ કરી, પાંચાલ, હાલાર, સોરઠના હરિજનોને દર્શન આપી, ડભાણમાં હિંડોળે ઝુલ્યા વગેરે. વૌઠામાં કાર્તિક સુદ પૂનમનો કરેલો સમૈયો.

૬૪. ત્યાંથી ડભાણ, વડતાલ, બુધેજ, બોચાસણ, બામણગામ, એકલબારા, સરસવણી, ઉમરેઠ, ડડુસર, કઠલાલ, ઉંટડિયા મહાદેવ, લુંવાગ્ય, સલકી, પ્રાંતીજ, વિજાપર, ગેરીતા વિસનગર, ઉંઝા, મહેસાણા, કર્જિસણ, જેતલપુર વગેરે સ્થળે વિચરણ—સારંગપુરમાં હુતાશનીનો સમૈયો કરી હરિજનને ફગવા (વરદાન) આપ્યા.

૬૫. સંતો ગુજરાતમાં ગયા ને કેટલાક ત્યાં ભણવા રહ્યા, સંતોને તવરાની યાત્રાએ જવાનું કહાવી, જગતમાં ઘણા પાપી વધ્યા

જાણી તપસ્વી વેષે છાના રહ્યા, પરંતુ વસંતોત્સવ આવતાં સંતોને બોલાવીને મળ્ય. રંગે રમ્યા ઘેલામાં સ્નાન ક્રીડા કરી.

૬૬. શ્રીજીના ગુણો અને ચરિત્રોની કવિએ દર્શાવેલી અપારતા, વડતાલ પધારી, સંતો અને ભક્તોને તેડાવી સામસામા રંગે રમ્યા હિંડોળે બીરાજ્યા. પુષ્પહારોથી પૂજાયેલા શ્રીહરિ.

૬૭. શ્રીજી ગઢપુર પધાર્યા, સંતો લીલા સંભારતા દેશાંતર ગયા, શ્રીહરિ ફરી વડતાલ, સંજાયા, બામણોલી, ડભાણ, ઉમરેઠ થઈ વડતાલમાં મુનિઓને તેડાવી કૃપાસાધ્ય કે ક્રિયાસાધ્યનો પ્રશ્ન પૂછ્યો. ડાકોર, ઉમરેઠ, જેતલપુરથી કર્જિસણ જઈ ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કરી થોડા દિવસ છાના-છૂપા રહી નારદીપુર થઈ શ્રીહરિ પાછા જેતલપુર આવ્યા ને ત્યાં ભીડને લીધે સૌને ઉભા ઉભા જમાડી ગઢડા પધાર્યા.

૬૮. મોટેરા સંતોને તેડાવ્યા. મુક્તાનંદ સ્વામીએ પ્રભુને ગમતું સાધન કરવાનું પૂછતાં, શ્રીજીએ કહ્યું કે ભગવાન મળ્યા પછી સાધન પૂરા થયાં, લીલા સંભારી રાખવાનું કહી અંતકાળે મારા ભક્તોને લેવા જરૂર આવીશ એમ કૃપાવચન કહી, પોતાનું પુરુષોત્તમપણું જણાવ્યું પછી રાસ રમી કપિલા છઠ્ઠનો ઉત્સવ કર્યો.

૬૯. સંતો લીલા સંભારતા ગુજરાતમાં ગયા, પોતે વડતાલ પધારી સંતોને ત્યાં બોલાવ્યા, સભામાં પ્રશ્નોત્તર કરી, બામણોલી પધાર્યા ત્યાં હિંડોળે ઝુલ્યાં. ત્યાંથી વલાસણ પધારી હિંડોળે બિરાજી દર્શનાદિ સુખ આપી વળોટવા થઈ વડતાલ પધાર્યા.

૭૦. ત્યાંથી ગઢડા પધાર્યા. ત્યાંના હરિભક્તોએ પૂછવાથી, મહારાજે ગુજરાતની ભક્તિને ખૂબ વખાણી તેથી ત્યાંના ભક્તોને હુતાશનીના સમૈયા ઉપર બોલાવી ખૂબ આદર-સત્કાર કર્યો હિંડોળે બિરાજી, રંગે રમી પૂર્ણ કરેલો ઉત્સવ.

૭૧. સંતો શ્રીજીની લીલા સંભારતા દેશાંતર ફરી ચરોતર આવી મહારાજની વાટ જુવે છે. ત્યાં પોતે પધાર્યા, કોઈએ અત્તર આપ્યું તેનાથી સંતોની નાસિકા ચર્ચિ, તમારા મુખનું પાણી રહેશે અને ભેખ સર્વ ધૂળધાણી થશે એમ મહારાજે કહેલું વચન.



સુરતના સંઘે પૂજા કરી પછી શ્રીજી હિંડોળે બિરાજ્યા. મહારાજે સંતોને પૂછતાં સર્વેએ શ્રીજી કહે તેમ કરવાની બતાવેલી તત્પરતા, એ સાંભળી શ્રીહરિ પ્રસન્ન થયા, એ રીતે જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો.

૭૨. સંતો ગુજરાતમાં જ રહ્યા અને પોતે ગઢડા પધાર્ય. સંતોના બહુ વખાણ કરતા શ્રીહરિ જેતલપુર પધારી છાના-છૂપા રહ્યા. વડતાલ આવી સત્સંગમાંથી જવાની વાત કરતાં શોકાતુર બનેલા સંતો. છેવટે રામદાસભાઈની પ્રાર્થનાથી રહ્યા અને સંતોને ભલામણ કરી, પોતે બોચાસણ, ઉધના, ચિખલી થઈ ધર્મપુર ગય, ત્યાંના રાણી કુશળ કુંવરે ભવ્ય સ્વાગત કરી સ્વારી કાઢી. વાંસદાના રાજાને ચરણારવિંદ પાડી આપી, ધર્મપુરમાં વસંત પંચમીનો ઉત્સવ કરી, મહારાજનું વડતાલ પધારવું.

૭૩. ત્યાંથી પોતે ગઢડા પધાર્યા, ગુજરાતના હરિભક્તો શ્રીજીને જુદી જુદી ભેટ સામગ્રી આપવાનો વિચાર કરે છે ત્યાં હુતાશનીના સમૈયા ઉપર વડતાલ આવવાની મહારાજની કંકોત્રીઓ આવી, જોબન પગીને ત્યાં ઉતરી મહારાજે, જ્ઞાન બાગમાં બાર બારણાના હિંડોળે બિરાજી, અલૌકિકતા દર્શાવી હુતાશનીનો સમૈયો કરી મહારાજ ગઢડે પધાર્યા.

૭૪. ત્યાંથી જેતલપુર જઈ પ્રબોધિનીનો ઉત્સવ કરી, મહારાજે હુતાશની માટે બીજું સ્થાન શોધવાનું કહ્યું પરંતુ જળછાયાની જુક્તિવાળું અને સત્સંગના મધ્યમાં વડતાલ જેવું બીજું નથી એમ છેવટ શ્રીજીએ કહી ત્યાં પૂર્વ તૈયારી કરાવી રંગલીલા કરી, પ્રશ્નોત્તરી કરી, હિંડોળે ઝુલી સમૈયો કરી પોતે પાંચાલ દેશ પધાર્યા.

૭૫. રામપરથી ગોંડલ આવી, ત્યાંના રાજાને ઉપદેશ આપી ધોરાજી, ભાડેર માણાવદર થઈ પંચાળા પધાર્યા, પીપલાણા, અગત્રાઈ, આખા, માણાવદર, જાળિયા, બંધિયા થઈ ગઢડા પધારવું. ત્યાં ઉદાસ થતા સુખપુર પધાર્યા, પરંતુ ત્યાં વિવાહનો અવિવેક જોઈ

વધુ ઉદાસ થયેલા શ્રીહરિએ ગઢડા આવી વિવાહ ગીતોમાં મર્યાદા રાખવા પત્રો લખાવ્યા.

૭૬. મહારાજના દર્શન વિના બહુ દિવસ થતાં ગુજરાતમાં ફરતા સંતો આલોચના કરે છે તેમને સ્વપ્નમાં શ્રીજીએ આપેલાં દર્શન. બીજે દિવસે શ્રીજીનું પધારવું, જેતલપુરમાં ભીમ એકાદશીનો ઉત્સવ કરી, ભીડ થતાં તળાવ ઉપર વડ તળે જઈ, મહારાજે પોતાનું પુરુષોત્તમપણું કહી સુખદુઃખમાં સ્થિર બુદ્ધિ રાખવા અને વ્રત ટેક પાળવાનું કહી ભક્તને સહાય કરવાનું આપેલું વચન.

૭૭. ત્યાંથી વડતાલ પધારી દીપોત્સવ કરી ગઢડે જઈ આવી વડતાલમાં આવેલ વેદાંતાચાર્યને સન્માનપૂર્વક બોલાવી, વેદાંતાચાર્યમાં તેને હરાવી શ્રીજીનું પાંચાળ દેશ પધારવું.

૭૮. પ્રબોધિની એકાદશી ઉપર વડતાલ આવવાની શ્રીજીની આજ્ઞા અનુસાર ભક્તો વડતાલ આવી મહારાજની કરી રહેલ પ્રતીક્ષા.

૭૯. ગઢડે શ્રીહરિ તથા કાઠિયો જાતજાતની ઘોડીઓ ઉપર સ્વાર થઈ વડતાલ પધાર્યા ને પ્રબોધિનીનો ઉત્સવ કરી સર્વોપરી પ્રાપ્તિ તમને થઈ છે, એમ કહી પોતાનું પુરુષોત્તમપણું જણાવી શ્રીહરિ પાંચાલ તરફ પધાર્યા.

૮૦. ગઢડામાં વીશ દિવસ રહ્યા, ફરતી ફરતી રસોઈ ચાલતી. એ રીતે જયા, લલિતા અને ઉત્તમ રાજાએ ફુલદોલનો ઉત્સવ કરાવ્યો.

૮૧. શ્રીહરિએ સૌ સંતોને ફરવા જવાની આજ્ઞા કરી, ઘણા દિવસ પછી પાછા બોલાવી નવી રસોઈઓ જમાડી, બોટાદ પધારી ત્યાં હુતાશનીનો સમૈયો કરી, મલ્લ રમાડ્યા.

૮૨. ગઢડાથી દર્શનાતુર ભક્તોને અમદાવાદ દર્શન આપી વેલાલ્ય, મેમદાવાદ, ડડુસર થઈ ઉમરેઠ પધારી ત્યાંથી આણંદ, વડતાલ, ખંભાત, બોચાસણ ફરી ગઢડા પધાર્યા.

૮૩. સર્વ દાન કરતાં અભયદાન અધિક છે એમ સંતો સાથે ચર્ચા કરી કર્જિસણ થઈ શ્રીજીએ આદ્રેજમાં અન્નકૂટનો ઉત્સવ કર્યો ત્યાંથી કોલવાડા, ઉનાવા, નાદરી, માણસા, ગેરિતા, બામણવા, વડનગર, વિસનગર, વસઈ, મેઉ, ડાંગરવા, અડાલજ, અમદાવાદ, જેતલસર, ધોળકે થઈ સૌને અભયદન દેતાં ગઢડા પધાર્યા.



૮૪. શ્રીહરિએ ગઢડા અન્નકૂટનો ઉત્સવ કરી ગેબી અસુર જીતી જેતલપુર, અમદાવાદ થઈ મેમદાવાદમાં પોતાના સ્વરુપ વગેરેનો જ્ઞાનોપદેશ આપી, ડભાણ થઈ વડતાલ સાત દિવસ રહી બધેજ, ગૌરાડ્ય, પછમ ઘોલેરા થઈ ગઢડે આગમન.

૮૫. ગઢડે બે માસ નિવાસ કરી, મછિયાવમાં હુતાશનીનો સમૈયો કરી રોઝકા થઈ ગઢડા પધાર્યા. અસુરોની ઉપાધિ ટાળી કારિયાણી જઈ આવી ગઢડામાં મોટું સદાવ્રત બંધાવ્યું ને દિવાળી તથા અન્નકૂટનો ઉત્સવ કર્યો.

૮૬. સંતોને દેશાંતર ફરવા મોકલી પોતે ગઢડામાં હુતાશનીનો સમૈયો કર્યો. અસુર ઉપદ્રવને લીધે જન્માષ્ટમી ઉત્સવ બંધ રાખી, સંતોને બોલાવી અન્નકૂટ ઉત્સવ કર્યો. નરનારાયણ દેવની પ્રતિષ્ઠાની કંકોતરીઓ મોકલી, અમદાવાદ પધારી પ્રતિષ્ઠા કરી બ્રાહ્મણોની ચોરાશી કરી પોતે ગઢપુર પધાર્યા.

૮૭. હુતાશનીનો ઉત્સવ કરી, સારંગપુર જન્માષ્ટમી ઉત્સવ કરી, ગઢડે થઈ કારિયાણી પધાર્યા, ત્યાં દીવનાં પ્રેમબાઈએ આપેલ પોશાંગ સ્વીકારી દીનાનાથ ભટ્ટને આપી, અન્નકૂટ ઉત્સવ કરી, બોટાદ થઈ લોયામાં શાકોત્સવ તથા વસંતનો સમૈયો કરી ચંદ્રગ્રહણ પછી ભદ્રાવતીમાં કરેલું સ્નાન.

૮૮. ત્યાંથી પીપરડી, હાથસણી, જસદણ, બંધિયા, ગોંડલ જઈ ત્યાં સાત ભાતની સુખડી જમી, કંડોરડા, ઝાંઝમેર, ઉપલેટા, જાળીયા, ગણોદ, માણાવદર થઈ શ્રીજીનું પંચાળા પધારવું ત્યાં રાસોત્સવ કરી રંગે રમી, રંગવાળા વસ્ત્રો ઝિણાભાઈને આપ્યાં.

૮૯. ત્યાંથી માણાવદર, જાળિયા, દૂધીવદર, બંધિયા, વાંકિયા, રાયપુર થઈ ગઢડાથી કારિયાણી આવી વડતાલ મંદિર કરવાની આપેલી આજ્ઞા. પાછા ગઢડે થઈ ભૂજ જઈ નરનારાયણદેવની પ્રતિષ્ઠા

કરી ગઢડે પધાર્યા ને ત્યાં જન્માષ્ટમી તથા અન્નકૂટનો ઉત્સવ કરાવ્યો.

૯૦. સંઘ લઈ બોટાદ, સુંદરિયાણા, વાગડ, જસકા, રોઝકા, કમિયાળા, બોઢ, ગલિયાણા થઈ શ્રીજી વડતાલ પધાર્યા ને લક્ષ્મીનારાયણ વગેરે દેવની સ્થાપના કરી, અયોધ્યાવાસીનો મેળાપ, વસો વટામણ, જાખડા, કારીયાણી થઈ અયોધ્યાવાસી સાથે ગઢપુર પધાર્યા.

૯૧. અયોધ્યાવાસીને શ્રીજીને દેશના સમાચાર તથા કુળનાં નામ વગેરે પૂછ્યાં. ધર્મકુલમાં ગાદી સ્થાપવા બાબત સંતો સાથે મંત્રણા કરી, વડતાલ પધારી, પ્રબોધિનીનો ઉત્સવ કરી, અયોધ્યાપ્રસાદ અને રઘુવીરજીને ગાદી સોંપી દેશ વિભાગ કરી, ગઢડે વસંતોત્સવ કર્યો.

૯૨. તીર્થયાત્રાનું મહત્વ દર્શાવી સચ્ચિદાનંદ સ્વામી સાથે અયોધ્યાવાસીને દ્વારકા મોકલ્યા. મુનિને સમાધી થવાથી અયોધ્યાવાસી આરાંભડા બેટ થઈ પાછ ગોમતી આવ્યા. ધન વગર સચ્ચિદાનંદ સ્વામીને સ્નાન કરવા દીધું નહિ, છાપો આપી નહિ.

૯૩. સ્તુતિ કરતા શ્રીકૃષ્ણ ભગવાને દીધેલું દિવ્ય દર્શન અને ગોમતી સહિત વડતાલ આવવાનું આપેલું વરદાન, અયોધ્યાવાસી સાથે ગઢડા આવી સ્વામીએ શ્રજીને સવિસ્તાર કહેલી વાત. શ્રીહરિ વડતાલ પધારી દ્વારકાધિશ અને ગોમતીજનો નિવાસ કરાવી ગોમતી તળાવ ગળાવી ગઢડ પધાર્યા.

૯૪. પ્રબોધિનીની ઉપર કંકોત્રીઓ લખાવી, વડતાલ પધારી લક્ષ્મીનારાયણાદિક મૂર્તિઓનો મહિમા જણાવી પ્રબોધિનીનો સમૈયો કરી બોચાસણ, દેવાણ, કારેલી, આમોદ, બુવા, કેશોદ, ભરુચ, અંકલેશ્વર, કોશાલ થઈ સુરત પધાર્યા.

૯૫. તાપીતીરે બાગમાં ઉતર્યા, ત્યાંથી સુખપાલમાં અરદેશર આદિ ભક્તોએ શ્રીજીની કાઢેલી ભવ્ય સ્વારી, રાજાને ત્યાં તથા અરદેશરને ત્યાં પધરામણી કરી અરદેશરને પાઘ આપી કોશાલ, અંકલેશ્વર, બદલપુર, ખંભાત, ગુડેલ, ધોલેરા થઈ શ્રીજી મહારાજ ગઢડા પધાર્યા.



૯૬. દાદાખાચરની જાન લઈ ભટવદ્રમાં તેમનો વિવાહ કરી, સુંદરિયાણા, મછિયાવ વગેરે સ્થળે થઈ અમદાવાદ ફૂલદોલ ઉત્સવ કરી, જેતલપુર રામનવમીનો સમૈયો કરી, સીતારામને યજ્ઞોપવિત આપી ગઢડે પુનરાગમન.

૯૭. ગાંફ થઈ વડતાલ અન્નકૂટ તથા પ્રબોધિનીનો ઉત્સવ કરી ઝીણાભાઈની પ્રાર્થનાથી જૂનાગઢ તથા પુંજાભાઈની પ્રાર્થનાથી ધોલેરા મંદિર કરવા સંતોને મોકલી, ધોલેરા દેવની પ્રતિષ્ઠા કરી ગઢડા પધાર્યા.

૯૮. ત્યાંથી સુંદરિયાણા પધારી વસંતોત્સવ કરી, ભેંશજાળ, નાગકડા, લોયા, બોટાદ, ગઢડા થઈ અમદાવાદ હુતાશનીનો સમૈયો કરી, જેતલપુરથી વડતાલ પધારી રામનવમીનો ઉત્સવ કરી ગઢડા પધાર્યા.

૯૯. ત્યાં અસુર વિઘ્ન ટાળી, જન્માષ્ટમીનો ઉત્સવ કરી, વડતાલ બે માસ રહી, દિવાળી, અન્નકૂટ તથા પ્રબોધિનીનો ઉત્સવ કરી સયાજીરાવના આમંત્રણથી, છાણી થઈ વડોદરા પધાર્યા રાજાએ ભવ્ય સ્વાગત કરી, ધામધૂમથી કરેલી પધરામણી, મતવાદીઓને જીતી સાંકળદા થઈ વડતાલ પધાર્યા.

૧૦૦. ત્યાંથી કારિયાણીમાં હુતાશનીનો ઉત્સવ કરી વડતાલ રામનવમીનો સમૈયો કરી, ગઢડા કરેલો જન્માષ્ટમીનો ઉત્સવ, કરમડમાં અન્નકૂટ ઉત્સવ કરી, અસલાલી, જેતલપુર, ગામડી, મહેમદાવાદથી વડતાલ જઈ પ્રબોધિનીનો સમૈયો કરી, ગઢડા પધાર્યા સંતોને જૂનાગઢ મોકલી પોતે વડતાલ પધારી રામનવમીનો ઉત્સવ કરી ગઢડા પાછા ફર્યા ને મંદિરનો પ્રારંભ કરાવી, અમદાવાદ, જેતલપુર થઈ વડતાલમાં પધારી ફુલદોલનો ઉત્સવ કરી, કારિયાણી, નાવડા, ધોલેરા જઈ આવી વડતાલ પધાર્યા. ગવર્નર સર માલ્કમના આમંત્રણથી રાજકોટ પધારી, તેમને મુલાકાત આપી, ગઢડા પાછા પધાર્યા, જૂનાગઢમાં

રાધામરણ આદિ તથા ગઢડામાં ગોપીનાથજી વગેરે મૂર્તિઓ પ્રસ્થાપિત કરી.
૧૦૧. શ્રીજીના દિવ્ય ગુણ ઐશ્વર્યનું વર્ણન.
૧૦૨. પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિનો મહિમા તથા લલા વગેરે.
૧૦૩. મુનિઓએ શ્રીજીનાં અલૌકિક કાર્યોનું કરેલું વર્ણન અને સર્વ અવતારના અવતારી શ્રીહરિની કરેલી સ્તુતિ.
૧૦૪. શ્રીહરિએ મનુષ્ય ચરિત્ર કરતાં પૂર્વ અવતારોએ જે જે કાર્ય કર્યાં તેમાનું કંઈ અમે નથી કર્યું, તો અમને ભગવાન કેમ જાણ્યા ? એમ સર્વની પરીક્ષા કરતાં પૂછેલો પ્રશ્ન.
૧૦૫. સંતોએ શ્રીજીનું સપ્રમાણ સર્વોપરિપણું પ્રતિપાદન કરી, શ્રીજીની અલૌકિક શક્તિનું કરેલું વર્ણન.
૧૦૬. કામના દોષો અને જીતવાના ઉપાયો બતાવી નિષ્કામ વર્તમાનનું મહત્વ દર્શાવ્યું.
૧૦૭. લોભના દોષો અને તેને જીતવાના સાધન બતાવી, નિર્લોભ વર્તમાનની દર્શાવેલી આવશ્યકતા.
૧૦૮. સ્વાદના દોષો અને તેને જીતવાના ઉપાયો બતાવી, સર્વ સ્વાદ ભગવાનમાં જાણી નિઃસ્વાદી વર્તમાન માટે દર્શાવેલો આગ્રહ.
૧૦૯. સ્નેહના દોષો અને તેને જીતવાના ઉપાયો કહી નિઃસ્નેહી વર્તમાન કહ્યું.
૧૧૦. માન દોષ ટાળવાના ઉપાયો બતાવી નિર્માની વર્તમાન ઉપર મૂકેલો ભાર.
૧૧૧. પુરુષના દોષ કહી સંખ્યયોગી સ્ત્રીઓને પાળવાનાં વ્રતમાનનું નિરુપણ.
૧૧૨. શ્રીહરિ સાથે રહેનાર પાર્ષદનાં નામ તથા સાંખ્યયોગી અને કર્મયોગી બાઈ ભાઈનાં નામ.
૧૧૩. સોરઠ દેશના હરિભક્ત બાઈ ભાઈનાં નામ.
૧૧૪. વાળાક દેશના સત્સંગી બાઈ ભાઈનાં નામ.
૧૧૫. સૌરાષ્ટ્રના સત્સંગી બાઈ ભાઈનાં નામ.



૧૧૬. હાલાર દેશના તથા કચ્છ દેશનાં હરિભક્તનાં નામ.
૧૧૭. સૌભિર દેશના હરિભક્ત બાઈ ભાઈનાં નામ.
૧૧૮. ભાલ દેશના હરિભક્ત બાઈ ભાઈનાં નામ.
૧૧૯. ડંઢાવ્ય દેશના શ્રીજી આશ્રિત જનોનાં નામ.
૧૨૦. મારવાડ તથા ગુજરાતા હરિભક્ત બાઈ ભાઈનાં નામ.
૧૨૧. ગુજરાતના હરિભક્તોનાં નામ.
૧૨૨. ચરોતર દેશના હરિભક્તો બાઈ ભાઈનાં નામ.
૧૨૩. બારાં દેશનાં હરિભક્ત બાઈ ભાઈનાં નામ.
૧૨૪. વાકળ દેશના હરિભક્ત બાઈ ભાઈનાં નામ.
૧૨૫. કાનમદેશ તથા સુરત, મુંબઈના સત્સંગીબાઈ ભાઈનાં નામ.
૧૨૬. નિમાડ તથા હિન્દુસ્તાન દેશના હરિભક્ત બાઈ ભાઈનાં નામ.
૧૨૭. બુંદેલખંડ, પંચમહાલ તથા ગંગાપાર આદિના હરિભક્ત બાઈ ભાઈનાં નામ.

**પરચા**

૧૨૮. પર્વતભાઈ તથા મુલજીને શ્રીહરિએ આપેલ પરચા.
૧૨૯. સંતદાસજીને શ્રીહરિએ પૂરેલા પરચા.
૧૩૦. વ્યાપકાનંદ સ્વામીને શ્રીજીએ આપેલ પરચા.
૧૩૧. મુક્તાનંદ સ્વામી, અખંડાનંદ સ્વામી તથા કૈવસ્યાનંદ સ્વામીને પૂરેલા પરચા.
૧૩૨. જીવુબાઈ, રાજબાઈ, પાંચુબાઈ, નાનુબાઈ તથા રામબાઈને શ્રીજીને આપેલા પરચા.
૧૩૩. માણાવદરના ઉદ્ધવજી તથા જાદવજીને દીધેલા પરચા.
૧૩૪. નિષ્કુળાનંદ સ્વામી તથા સચ્ચિદાનંદ સ્વામીને પૂરેલા પરચા.
૧૩૫. મુક્તાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી અને અનંતાનાંદ મુનિને આપેલા પરચા.
૧૩૬. શ્રીજીએ જીવરામ ભક્ત, રાણા ભક્ત, વશરામ ભક્ત, ભીમ ભક્ત અને રાઘવ ભક્તને પૂરેલા પરચા.
૧૩૭. કલો, ભૂલો, ઝવેર અને પ્રાણવલ્લભ વગેરે ભક્તોને શ્રીહરિએ આપેલા પરચા.

૧૩૮. દયારામ, જોઈતો ભક્ત, દયાળજી ને કુશળબાઈને આપેલા પરચા.

૧૩૯. સોની નાગ ભક્ત, ભગા, રાજા, રૂપા તથા પુંજાભાઈને આપેલા પરચા.

૧૪૦. તિતારામ, કાનજી, જમનાબાઈ, નથુભકતના સંબંધી સમાધિવાળા બાળકો, વસનદાસ અને હેતબાઈ એ સર્વેને શ્રીહરિએ આપેલા પરચા.

૧૪૧. જેકરણ ભક્ત, જનતબાઈ, જમનાબાઈ, પ્રભુદાસ, અવલબાઈ તથા સાંખ્યયોગી અવલબાઈને પૂરેલા પરચા.

૧૪૨. કુશાલભક્તને (ગોપાલાનંદ સ્વામીને) શ્રીજીએ આપેલા પરચા.

૧૪૩. શ્રીહરિએ ઉમૈયાબાઈને દીધેલા અનેક પરચા.

૧૪૪. રામચંદ્ર, અમૃતબાઈ તથા શોભારામને શ્રીજીએ આપેલા પરચા.

૧૪૫. નારુપંત નાના, બાપુભાઈ સરવરિયા, બાપુભાઈ, ગંગાબાઈ અને સેવકરામને શ્રીહરિએ પૂરેલા પરચા.

૧૪૬. નાથા ભકત, રામજી ભક્ત, લખો ભક્ત, ભગવાનદાસ, જગજીવન, અમૃતબાઈ, બેચર ભક્ત વગેરેને આપેલા પરચા.

૧૪૭. સોની દયાળજી, વલ્લભ, વજેસંગ, આદિત, બાપુ વગેરે ભક્તજનોને શ્રીહરિએ આપેલા પરચા.

૧૪૮. મોંઘીબાઈ, અંબાબાઈ, જમનાબાઈ, પારવતીબાઈ તથા જમનાબાઈ (બીજી) ને શ્રીજીએ આપેલા પરચા.

૧૪૯. શામબાઈ, જીવીબાઈ, ઉમૈયાબાઈ, પ્રેમબાઈ, લક્ષ્મીબાઈ, મથુરાબાઈ ઈત્યાદિને શ્રીહરિએ પૂરેલા પરચા.

૧૫૦. જીજીભાઈ, બાપુભાઈ, બેચરભાઈ, નાનાભાઈ, જેઠો ભક્ત, પ્રભાતગર એ બધાને થયેલા પરચા.

૧૫૧. સાકરબાઈ, કેશરબાઈ, વલીભાઈ શેખ, સુરતના અરદેશર પારસી અને ભક્ત ભગુને શ્રીહરિએ આપેલા પરચા.

૧૫૨. દિવાન દાદોભાઈ, શામજીભાઈ, પીતાંબરભાઈ, શોભારામ, હરિરામ, વેંકટરામ અને જ્ઞાનેશ્વરને મળેલા પરચા.



૧૫૩. બુરાનપુરના સંઘને તથા રામજી ભક્તને આપેલા પરચા.

૧૫૪. બીન્દો ભક્ત, તેની કાકી, ઠાકુરદાસ અને તેની પત્ની ધનુબાઈ, ગાંગુબાઈ, બુદ્ધ ભક્ત, મદારી ભક્ત એ સર્વેને શ્રીજીએ આપેલા પરચા.

૧૫૫. લુકી ભક્ત, પ્રાણનાથ, કેશર તથા ધુવા ગામના ભક્તજનોને પૂરેલા પરચા.

૧૫૬. જીભાઈ, કાશીદાસ, કાનદાસ, નરોત્તમદાસ, નાગરદાસ, ઈશ્વરદાસ, રાઈબાઈ એ સર્વેને આપેલા પરચા.

૧૫૭. દીનાનાથ ભટ્ટ, શોભારામ તથા સુંદરજી સુથારને શ્રીજીએ આપેલા પરચા.

૧૫૮. કાઠી માણસિયો, માવો, ત્રિકમ સથવારો અને હિમશાહ વગેરેને શ્રીહરિએ આપેલા પરચા.

૧૫૯. ગોલોક ધામનું વર્ણન.

૧૬૦. અવનિ ઉપર અવતાર લઈ ધારેલું કાર્ય પરિપૂર્ણ થતાં શ્રીહરિએ સ્વધામ પધારવાનો સંકલ્પ કહેતાં વ્યાકુળ બનેલા આશ્રિતજનોને શ્રીજીએ શ્રીહરિકૃષ્ણ મહારાજ, નરનારાયણદેવ, ગોપીનાથજી મહારાજ, આદી મૂર્તિમાં પોતે સદા રહેલા છે. એમ કહી આપેલી ધીરજ.

૧૬૧. સં. ૧૮૮૬ના રોજ જ્યેષ્ઠ સુદ દશમ મંગળવારે મધ્યાહ્નને શ્રીજીને સ્વધામ પધારવું. શોકાતુર બનેલા ભક્તજનો; અંતર્ધાન થયા પછી પણ અનેક ભક્તોને દિવ્યરુપે આપેલા પ્રત્યક્ષ દર્શન.

૧૬૨. ભગવાનનાં લીલા ચરિત્રો યાદ કરી શ્રીજીના વિયોગથી દુઃખી થયેલા આશ્રિતજનો.

૧૬૩. ભક્તચિંતામણિનાં ૧૬૪ પ્રકરણનો ટૂંકમાં કહેલો સાર.

૧૬૪. સત્સંગીજનને સુખકારી અને કલ્યાણકારી એવા આ ગ્રંથનું માહાત્મ્ય વર્ણવી, સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ સં. ૧૮૮૭ના આસો સુદ તેરશે ગ્રંથની કરેલી પરિસમાપ્તિ.

## ગ્રંથકર્તા નિષ્કુળાનંદ મુનિનું જીવનચરિત્ર

પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુનાંદિવ્ય તેમજ માનુષી લીલાચરિત્રોથી સભર અને સંપ્રદાયના હાર્દ સમા આ ભક્તિપ્રિય ભક્તચિંતામણિ ગ્રંથના કર્તા વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનો જન્મ સંવત્ ૧૮૨૨માં જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના શેખપાટ ગામે થયો હતો. માતાનું નામ અમૃતબા અને પિતાનું નામ રામભાઈ હતું. પોતાનું પૂર્વાશ્રમનું નામ લાલજી હતું. વ્યવસાયે ગુર્જર સુતાર હતા.

રામભાઈ સુતાર આમ તો મૂળ લતીપુર ગામના રહેવાસી અને વચનસિદ્ધ ને સમાધિનિષ્ઠ સમર્થ સંત આત્માનંદ મુનિના એ કૃપાપાત્ર શિષ્ય હતા. ગામના કેટલાક આસુરી લોકોએ આત્માનંદમુનિ અને એમના શિષ્યોની ભારે કનડગત આદરી. આથી ગુરુના આદેશથી બધા શિષ્યોએ પોતાનું મૂળ વતન છોડ્યું. ત્યારે રામભાઈ પણ લતૂપુર છોડી શેખપાટ આવીને વસ્યા હતા. એ વખતે રામભાઈ પર પ્રસન્ન થઈ ગુરુએ આશિર્વચન ભરી ભવિષ્યવાણી ભાખતાં કહેલું કે તમારે ત્યાં એક સમર્થ મહા મુક્તનો જન્મ થશે.

પુત્રનાં લક્ષણ પારણામાં એમ બચપણથી જ લાલજીમાં તપ, ત્યાગ ને જ્ઞાન વૈરાગ્યની ઝલક જણાતી હતી. પોતાની ઈચ્છા ન હોવા છતાંય નાતના રિવાજ મુજબ નાની વયમાં પિતાએ કંકુબાઈ નામની કન્યા સાથે એમના લગ્ન કરાવી નાખ્યા અને આમ એમનો ગૃહસંસાર ચાલુ થયો. એમને ત્યાં માધવજી અને કાનજી એમ બે પુત્રનો જન્મ થયેલો. જ્ઞાની લાલજી ભક્તને પૂર્વસંસ્કાર ને સંતોના સમાગમથી તીવ્ર વૈરાગ્ય ઉદય થયો. આથી તેમણે લોજ આવી આત્માનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય રામાનંદ સ્વામીને પ્રાર્થના કરી. મારે સંસાર છોડીને ત્યાગી થઈ આપના ભેળું રહેવું છે. ગુરુજી પણ મુમુક્ષુ લાલજી ભક્તની સંસારમાં જળકમળવત્ જક્તવિરક્ત સ્થિતિથીવાકેફ તો હતા જ છતાં નાનાં બાળબચ્ચાંનો વિચાર કરીને કહ્યું, 'જરૂર પડ્યે તમને બોલાવી લેશું હમણા ઘેર રહો.' એમ કહી ઘેર પાછા મોકલ્યા.

પિતાના અવસાન પછી કુટુંબનો સઘળો ભાર લાલજી ભગત ઉપર આવ્યો છતાંય જનકરાજાની પેઠે સમજણથી સઘળો ઘર વ્યવહાર ચલાવ્યો. દિવસ ભર સુતારી કામ કરે અને રાતે શેખપાટથી પગે ચાલી ત્રણ ગાઉ દૂર ખીરી ગામને



સીમાડે ભાદરા ગામથી પગે ચાલી આહીં આવતા મહામુક્ત મૂળશર્મા આદિ ભક્તો સાથે વાવકાંઠે વડના વૃક્ષતળે બેસી ભજન સ્મરણ અને કથાવાર્તા કરી સત્સંગ કરે. પ્રસંગોપાત લાલજી ભગત સેવાભક્તિ ને સમાગમ માટે ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામી પાસે પણ જતા. અનુવૃત્તિમાં રહી પૂજ્ય ગુરુવર્યમાં પ્રભુપણાની નિષ્ઠા દ્રઢ કરતા રહેતા.

સં. ૧૮૫૬માં નીલકંઠ વર્ણિ જ્યારે લોજમાં મુક્ત મુનિને મળ્યા અને વનવિચરણ પૂર્ણ કરીને ત્યાં સંતો ભેળા રહી ગુરુ રામાનંદ સ્વામીની રાહ જોવા લાગ્યા ત્યારે રામાનંદ સ્વામીએ પણ પોતાના શિષ્યોને લોજ જઈ પ્રતાપી વર્ણિના દર્શન કરવાની આજ્ઞા કરેલી છતાં લાલજી લોજ ન જતાં ગુરુના દર્શને ભૂજ આવ્યા ત્યારે રામાનંદ સ્વામીએ લાલજીને મીઠો ઠપકો આપી વર્ણિનો મહિમા કહી સંભળાવ્યો હતો. આથી જિજ્ઞાસુ લાલજી લોજ આવ્યા અને ભાવવિભોર બની વર્ણિને દંડવત્ પ્રણામ કર્યા ત્યારે વર્ણિરાજે લાલજીને આશિષ આપતાં કહેલું જે તમે વૈરાગ્યમાં શુકજી અને જડભરત સમાન થશો. લાલજી થોડો સમય લોજમાં રહ્યા. વર્ણિજીનો પ્રતાપ નિહાળ્યો. સેવા ને સમાગમ કરી પાછા પોતાને ગામ શેખપાટ આવ્યા.

લાલજીનું ચિત્ત વર્ણિમાં ખેંચાતું હતુંએટલે એમના પ્રતિ આદર વધ્યો અને પૂજ્યભાવ પણ જાગ્યો. એવામાં ગુરુ રામાનંદ સ્વામીએ પોતાની ધર્મધૂરા આ વર્ણિરાટને સોંપી એ પ્રસંગે જેતપુરમાં યોજેલ મહોત્સવમાં લાલજીભાઈ ખાસ આવ્યા અને પોતે ભક્તિભાવથી તૈયાર કરેલ મજૂસ (કલાત્મક પેટી) ને ડામચિયો સહજાનંદ સ્વામીને અર્પણ કર્યાં ને પોતાનું ઘર પાવન કરવા શેખપાટ પધારવા પ્રાર્થના કરી.

રામાનંદ સ્વામીના અક્ષરવાસ બાદ ઉદ્ધવ સંપ્રદાયના પ્રચાર માટે ઠેરઠેર વિચરણ કરી રહેલા સ્વામી સહજાનંદજી સોરઠમાં થઈને હાલારમાં લાલજી સુતારને ત્યાં શેખપાટ પધાર્યા આથી હર્ષઘેલા બની લાલજીએ પ્રભુનું ભાવભીનું સ્વાગત કરીને પોતાને ત્યાં રાખ્યા અને શ્રીહરિની સેવા તેમજ સમાગમ કરી જીવનમાં ભારે ધન્યતા અનુભવી. ભક્તિધિન ભગવાન શ્રી સ્વામિનારાયણે લાલજીની પ્રાર્થનાથી સંત-હરિભક્તોને શેખપાટ તેડાવી સં. ૧૮૬૦નો વસંતોત્સવ ઉજવી પોતાના આ ભક્તના મનનો મનોરથ પૂરો કર્યો.

શેખપાટમાં થોડા દિવસ રહ્યા બાદ શ્રીહરિએ કચ્છ તરફ જવાનો પોતાનો વિચાર લાલજી સુતારને જણાવીને રસ્તાના જાણકાર ભોમિયાની તપાસ કરવા જણાવ્યું. શ્રીહરિની સેવા ને સહવાસનો સુઅવસર પ્રાપ્ત થયો જાણી, ભોમિયા તરીકે સાથે જવાનો પોતેજ મનોમન નિર્ણય કરી લીધો. વિકટ વાટમાં જરૂર પડ્યે કામ લાગે એ માટે સુખડીનું ભાતું તૈયાર કરાવી લીધું. પાણીની બતક ભરી લીધી. અણધારી આફતમાં કામ આવે એ માટે ૧૨ કેરી (નાણું) ચોરની બીકે પગરખાંની સગથરીમાં સંઘરી લીધી અને વહેલી સવારે પોતે ભોમિયા તરીકે પ્રભુ સાથે ઉત્સાહ ભેર ચાલી નીકળ્યા.

રણવાટે ગુરુ સહજાનંદ સ્વામી અને શિષ્ય લાલજી સુતાર ચાલ્યા જાય છે. રસ્તામાં ભૂખથી પીડાતા કોઈ અન્નાર્થીઓ યાચના કરતા દયાળુ શ્રીહરિએ લાલજી પાસેનું બધુંય ભાતું એને અપાવી દીધું. રસ્તે આગળ જતાં એક લૂટારા ટોળીનો ભેટો થયો. શ્રીહરિને તો સાધુ જાણી કાંઈ તપાસ ન કરી પણ લાલજીનાં તો લુગડાં તપાસ્યાં પણ કાંઈ ન મળતાં ચોરોએ ચાલતી પકડી. આ જોઈને શ્રીહરિએ ચોરોને કહ્યું, 'એની પાસે નાણું તો છે છતાંય તમને જડ્યું નહિ માટે તમે નવા ચોર લાગો છો. એનાં પગરખાં તો તપાસી જુઓ.'

આ સાંભળી લાલજી જરા હેબતાઈ ગયા પણ ચોરોએ લાલજીજીનાં પગરખામાંથી કોરીઓ કાઢી લીધી ને રવાના થઈ ગયા. આથી ખિન્ન થયેલા લાલજીએ કહેવા માંડ્યું, 'આમ ઉદાર થઈને ભાતું તથા નાણું મફતિયાઓને અપાવી દીધું તો હવે રસ્તામાં ભૂખ લાગશે ત્યારે શું કરશો ? મેં તો આ બધું આપને વાસ્તે લીધું હતું.' આ સાંભળી શ્રીહરિએ લાલજીને ધીરજ બંધાવતા કહ્યું, 'તમારા માથે આજે મોટું વિઘન આવે તેમ હતું એ ટાળવા માટે આમ કર્યું.' વિશ્વાસુ લાલજી આ લાગણી સભર વચનો સાંભળી મનોમન નવાઈ પામી અંતરમાં રાજી થયા.

આમ હાસ્ય વિનોદ સાથે ગુરુ-શિષ્ય રણવાટે આગળ વધી રહ્યા છે. એવામાં કોઈ તૃષાતુર વટેમાર્ગુએ પાણી માટે યાચના કરી. દયાળુ શ્રીહરિએ લાલજીને કહ્યું, 'એને જળપાન કરાવો.' આથી લાલજીભાઈએ એને થોડું પાણી પાયું એથી પ્રભુએ કહ્યું, 'એ બિચારો તરસ્યો છે તો બધું જ પાણી પાઈ એની તૃષા દૂર કરો !' આથી લાલજીએ બધુંય પાણી પાઈ દીધું. અભ્યાગતને સંતોષ પમાડી પંથે



આગળ પ્રયાણ કર્યું. સૂર્ય તપતો હતો. આકાશમાંથી આગ વરસી રહી હતી. લૂ ભર્યો પવન આંખ મોંને દઝાડી જતો હતો. લાલજીને તૃષા લાગી હતી. મોં સુકાતું હતું. અંતરમાં અકળામણ થતી હતી. થાકીને લોથપોથ થયેલ લાલજીને કંઠે પ્રાણ આવી ગયા. ચાલી શકાય એવી સ્થિતિ ન રહી. આથી દયાળુ શ્રીહરિએ લાલજીને કહ્યું, 'જુઓ, આ ખારા પાણીમાં મીઠા પાણીની સેર ચાલી જાય છે માટે જળપાન કરી લ્યો અને બતક પણ ભરી લ્યો.'

લાલજીએ મોં આડું કપડું રાખી પાણી ચાખી જોયું તો મીઠું લાગ્યું. કોગળા કર્યા. પાણી પીધું ને બતક પણ ભરી લીધી. ફરી જ્યાં પાછો કોગળો કરવા ગયા ત્યાંતો પાણી ખારું જણાયું એટલે લાલજીને મનમાં થયું. અહોહો ! પ્રભુએ મારા માટેજ આ કૃપા કરી ! આથી લાલજીના અંતરમાં પ્રભુ પ્રત્યે અદકેરો અહોભાવ અનુભવાયો.

આમ ઘણા પરિશ્રમથી રણવાટ પસાર કરીને આગળ જતાં એક તળાવ આવ્યું. તેને કાંઠે બાવળને છાંયે બેસી થોડો ારામ કર્યો. શ્રીહરિના અણવાળા ચરણમાં કાંટા વાગ્યા હતા. તેને લાલજીએ પોતાના ચિપિયાથી ખેંચી કાઢ્યા. આ સેવા કરતી વખતે લાલજીને પ્રભુના ચરણમાં સોળ ચિહ્નોનાં અદ્‌ભુત દર્શન થયાં. થોડી વિશ્રાંતિ બાદ લાલજીએ પોતાના મનમાં ઘુંટાતું ને માર્ગમાં બનેલા એ બનાવોનું ગૂઢ રહસ્ય પ્રભુને પૂછ્યું. ત્યારે શ્રીજીએ એની જિજ્ઞાસાને સમાવતાં કહ્યું. 'માર્ગમાં આપણને સામા મળ્યા એ મહાપુરુષ રામાનંદ સ્વામી પોતે હતા અને તમારી તૃષા હરવા માટે અમેજ ખારાજળને મીઠું કર્યું હતું.' આ કૃપાવચનો સાંભળી લાલજજીએ પ્રભુનો અપાર મહિમા સમજાયો ને અંતરમાં ભારે અદકેરી ધન્યતા અનુભવી.

ત્યાંથી આગળ ચાલી આધોઈ ગામ આવી ગામના ચોરામાં મુકામ કર્યો. શ્રીજીએ લાલજીને ગામમાંથી ભિક્ષા માગી લાવવાનું કહ્યું. ત્યારે લાલજીએ જરા સંકોચ પામીને કહ્યું. 'પ્રભુ, આ ગામમાં તો મારું સાસરું હોવાથી ઘણાય લોકો મને ઓળખે છે.'

'તમને કોઈપણ ઓળખી શકે નહિ એમ કરી દઈએ પછીતો કાંઈ વાંધો નથીને ?' આમ કહી શ્રીહરિએ પોતે એજ વખતે લાલજીની મૂછો અને ચોટલી કાતરી નાખી ને ભગવી અલ્ફી પહેરાવીને પરમહંસી દીક્ષા આપી નિષ્કુળાનંદજી

નામ પાડ્યું. ત્યાર પછી ગુરુ આજ્ઞાથી આ નવા પરમહંસ ભિક્ષા માગી લાવ્યા ને ગુરુ શિષ્ય બંનેએ આ માધુકરી આરોગી. શ્રીહરિએ ટકોર કરતાં કહ્યું, 'જરૂર પડશે ત્યારે બોલાવી લઈશું એમ ગુરુ રામાનંદ સ્વામીએ કહેલું એ તમને યાદ તો છે ને ?'

'હા ! મહારાજ, હું તો કેટલાય દિવસથી એ તકની રાહ જોઈ રહ્યો હતો. આપે આજે ગુરુવચનને પૂર્ણ કરી મને કૃતાર્થ કરી દીધો.'

'આપ તો કૃતાર્થ થયા હવે બીજાઓને કૃતાર્થ કરવા સારુ અહીં રહી યમદંડ ગ્રંથની રચના કરો.' પ્રભુએ પ્રેરણા આપતા કહ્યું.

'અરે મહારાજ, હું તો કાંઈ ભણ્યો નથી. આપ જાણો છો તેમ કાળા અક્ષરને તો મેં કુહાડે માર્યા છે. તેમાં વળી ગ્રંથ કેવી રીતે બની શકે ?' મુનિએ પોતાની મૂંઝવણ જણાવતાં કહ્યું.

'તમે ભલે ભણ્યા નથી પણ ગ્યા છો-જ્ઞાની છો. તમારામાં કવિત્વ શક્તિ પડી છે. તમે જે કાંઈ રચના કરવા માંડશો એટલે સરળ રીતે વિવિધ રાગ ને છંદ છપઈમાં ગોઠવાઈ જશે. તમારે પ્રાસ, પદલાલિત્ય કે વર્ણન અલંકાર ખોળવા નહિ પડે પણ સહજે જ મળી રહેશે.' અંતરના આશીર્વાદ આપતા શ્રીહરિએ કહ્યું. આથી મહામુનિએ ગુરુ શ્રીહરિની આજ્ઞાને સહર્ષ સ્વીકારી લીધી ને ત્યાં આધોઈ ગામના ચોરામાં રહી શ્રીહરિને સંભારીને ''યમદંડ'' ગ્રંથની રચનાનો પ્રારંભ કર્યો.

પ્રભુ ગયા પછી મુનિને મનાવીને ઘેર પાછા લઈ જવા એમના માતા અમૃતબા તથા ધર્મપત્ની કંકુબાઈ અને સંબંધીઓ આધોઈ ગામે આવ્.યા. માતા ને પત્નીએ માયા અને મમતા ભરી અનેક વિવણીઓ કરી છતાં પણ મુનિ ચલાયમાન ન થયા એટલે કંકુબાઈએ ।ના પુત્ર કાનજીને મુનિના ખોળામાં નાખ્યો એટલે મુનિ હસ્યા ને બોલ્યા 'હેતનો પરસો મૂકે એવી આ ગાવડી નથી, આતો ગોધો છે.' સગાંસંબંધીઓ તેમજ શેખપાટના આગેવાન દરબાર સોઢા બાપુને પણ પોતાની દાદાગીરી અજમાવી જોઈ. આમ છતાં મુનિ મનથી મક્કમ રહ્યા ને પોતાના વૈરાગ્યનું ખરું વાસ્તવિક રૂપ બતાવવા એમણે નીચેનું કીર્તન ગાઈ સંભળાવ્યું.

**'મને સ્વપ્ને ન ગમે રે, સંસાર કહોને કેમ કીજીએ;**



**વમન થયું મન ઉતર્યું, એવો લાગેરે સંસાર કહોને કેમ રીજીએ;**

પોતાના અંતરમાં અંકાઈ ગયેલી સંસારની અસારતાનું મુનિએ એવું સચોટ અને વેધક વર્ણન કર્યું કે સહુને મુનિના તીવ્ર વૈરાગ્યનો પૂરો ખ્યાલ આવી ગયો. એમને પરત લઈ જવાની આશા છોડીને સગાં સંબંધીઓ ત્યાંથી ચાલતા થઈ ગયા. ત્યાર પછી આ નિઃસ્પૃહી વિતરાગી સંતવર્યનું વિરલ વ્યક્તિત્વ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઝગઝગી ઊઠ્યું. એમનામાં પડેલી સુષુપ્ત કવિત્વ શક્તિને શ્રીહરિએ પારખી, પોષી ને પ્રેરણા પાથેય પૂરું પાડી એને રચનાત્મક માર્ગે વાળી. જેને પરિણામે સંપ્રદાયમાં અતિ ઉપયોગી અને અમૂલ્ય વિપુલ સાહિત્યનું સર્જન થયું.

વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ રચેલ ગ્રંથો સંપ્રદાયનું હાર્દ સમજવામાં પરિપૂર્ણ છે. એમના આ ભક્તચિંતામણિ ગ્રંથમાં સંપ્રદાયનું સંપૂર્ણ અને સર્વોત્તમ દર્શન થાય છે. પ્રાકૃત ભાષામાં આવું ભાવવાહી, રસસભર, પ્રેરણાદાયી, ગહન છતાં સરલ તેમજ સર્વભોગ્ય પદ્ય સાહિત્ય બીજું નથી. શ્રીજીએ મધ્યના ૫૮ના વચનામૃતમાં સંપ્રદાયની પુષ્ટિનો જે હેતુ દર્શાવ્યો છે તે નિષ્કુળાનંદ સ્વામીનાં ગ્રંથોમાં સ્પષ્ટ ને સોળે કળાએ ચરિતાર્થ થયેલો જોવા મળે છે. એમણે ઈષ્ટદેવને જેવા જાણ્યા તેવા વિના સંકોચે ઉઘાડે છોગે વર્ણવ્યા છે. આથી એમના ગ્રંથોમાં શ્રીહરિનું સર્વોપરિ અને સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમપણું જોવા મળે છે. આજ કારણથી સત્સંગમાં પ્રારંભથી જ એમનું સાહિત્ય મહિમા પૂર્વક વંચાતું રહ્યું છે એટલું જ નહિ એ પ્રમાણભૂત પણ મનાય છે.

**ભક્તચિંતામણિ** વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ મુનિએ રચેલા ૨૩ ગ્રંથોમાં સર્વથી મોટો પરિપૂર્ણ અને અર્થસભર અદ્ભુત ગ્રંથ છે. તેમાં ભક્તજનને ચિંતામણિરુપ એવાં અને નજરો નજર નિહાળેલાં પ્રગટ પુરુષોત્તમ સ્વામિનારાયણ પ્રભુનાં દિવ્ય તેમજ માનુષી ચરિત્રોનું રસભર્યું હૃદયંગમ નિરુપણ થયું છે. આ ચરિત્રોનું ચિંતવન કરનારા ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરનાર આ ગ્રંથનું નામ પણ કેવું સાર્થક છે ! સ્વામી પોતેજ કહે છે કે; 'છે આ ભક્તચિંતામણિ નામ રે, જે જે ચિંતવે તે થાય કામ રે; હેતે ગાય સુણે આ ગ્રંથ રે, તેનો પ્રભુ પૂરે મનોરથ રે.'

ભક્તપ્રિય અ ભક્તચિંતામણિ ગ્રંથનું ગૌરવ ગાતાં કહે છે કે 'ભક્તચિંતામણિ ગ્રંથ કહ્યો, સત્સંગીને સુખરુપ; તેમં ચરિત્ર પ્રગટનાં, અતિ પરમ

પાવન અનુપ. બીજા ગ્રંથનો બહુજ છે. સંસ્કૃત પ્રાકૃત સોય; પણ પ્રગટ ઉપાસી જનને, આ જેવો નથી બીજો કોય જેમાં ચરિત્ર મહારાજનાં, વળી વર્ણવ્યાં વારંવાર, વણસંભાર્યે સાંભરે, હરિમૂર્તિ હૈયા મોઝાર.''

સંપ્રદાયની પુષ્ટિ અંગે નિર્દોષ કરતાં એમાં કહેવાયું કે 'રામ ઉપાસીને રામચરિત્ર રે, સુણી માને સહુથી પવિત્ર રે; કૃષ્ણ ઉપાસીને કૃષ્ણલીલારે, માને મુદ સુણે થઈ ભેળારે. તેમ સહજાનંદી જન જેહ રે, સુણી આનંદ પામશે એહરે.'

આમ આ ગ્રંથનો અપૂર્વ મહિમા છે. જ્ઞાન માટે જેમ વચનામૃત પરિપૂર્ણ છે તેમ શ્રીજીનાં લીલાચરિત્રો માટે આ ગ્રંથ પરિપૂર્ છે. સંપ્રદાયનું સંપૂર્ણ રહસ્ય આ ગ્રંથમાં પ્રતિબિંબિત થાય છે. ઈષ્ટદેવ શ્રીહરિની હયાતીમાં અને એમની છત્રછાયામાં આ અનુપમ ગ્રંથની રચના થઈ હોવાથી વચનામૃતની સાથોસાથ આ ગ્રંથ પણ પહેલેથી જ વ્યાપક પ્રસિદ્ધિ પામ્યો છે અને આજે પણ એ સારાયે સત્સંગ સમાજને પ્રેમલક્ષણા ભક્તિના પ્રેમવિભોર ભાવે ભીંજવી રહેલ છે.

આ ઉપરાંત પૂ. નિષ્કુળાનંદ મુનિએ અન્ય ૨૨ ગ્રંથો રચ્યા છે જે નિષ્કુળાનંદ કાવ્ય તરીકે છપાએલ છે. તદુપરાંત તેઓશ્રીએ ત્રણેક હજાર જેટલાં કીર્તનો પણ રચ્યાં છે જેનું નિષ્કુળાનંદ કાવ્ય તરીકે પ્રકાશન થયેલું છે.

આ વિતરાગી સંત સાહિત્યની સાધનામાં જેવા કુશળ હતા એથીય વિશેષ સુથારી કામની કલા કારીગરીમાંય નિપૂણ હતા. કલાકારીગરીની સૂઝથી તેઓ ઉત્તમ શિલ્પકૃતિઓ સર્જી શકતા. ધોલેરાના મંદિરમાં ઠાકોરજી આગળના બારણાની કમાનો તેમજ પગથિયાં પરની પથ્થરની કમાન સ્વામીજીએ પોતેજ એક પથ્થરમાંથી કોતરીને બનાવેલ છે. એ સિવાય આ મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરવા સ્વામીશ્રીએ ઘણીઘણી સેવાઓ કરી છે.

સમૈયા ઉત્સવ વેળાએ શ્રીજીને બેસવા માટેના મંચો તેમજ ઝુલવાના હિંડોળા આ સંતની દોરવણી મુજબ તૈયાર થતા. વડતાલમાં એમણે ૧૨ બારણાનો કલૌત્મક અદ્‌ભુત હિંડોળો બનાવેલો ને પ્રભુ એમાં બાર સ્વરુપે ઝુલ્યા હતા ને વહુને બાર દિવ્ય સ્વરુપે દર્શનનું ભારે સુખ આપ્યું હતું.

સંસારની અસારતાથી પૂરેપૂરા વાકેફ આ તીવ્ર વૈરાગી સંતે સારસિદ્ધિ ગ્રંથમાં તેમજ સ્વરચિત પદોમાં તીખા તીવ્ર વૈરાગ્યને સચોટ અને અસરકારક રીતે વર્ણવ્યો છે. એમના ઉપદેશના પદો ફુલધાર તલવારની પેઠે અડતામાંજ માયાનો લોચો અંતરમાંથી અળગો કરી નાખે એવાં છે. તાક્યું તીર મારે એવી



લેશ્યવેધિ એમની સુંદર શૈલી છે. સનાતન ધર્મનો ખરો મર્મ, પ્રેમલક્ષણા ભક્તિભાવથી ઉભરાતો અનુરાગ ને દૃઢ ભરોસા ભરી સંપૂર્ણ શરણાગતિ તેમજ ત્યાગ-વૈરાગ્યની સાચી ને સૂક્ષ્મ મીમાંસા એ બધું આ કવિવર્યનું સાહિત્ય ક્ષેત્રે મહત્વનું પ્રદાન છે.

આ લોકની મોટાઈથી સ્વામી હંમેશાં અલિપ્ત રહ્યા. આ નિઃસ્પૃહી સંતને શ્રીજીએ ગઢપુરના મહંત બનાવવાનો વિચાર કર્યો. આ બાબતની જાણ થતાં આ સંતવર્યને હર્ષ થવાને બદલે ધર્મસંકટ આવ્યાની ઉપાધિ થઈ. આથી પોતે વહેલા ઉઠીને ગઢડાથી ગઢાળી જતા રહ્યા. શ્રીહરિને આની ખબર પડતાં સ્વામીને ગઢાળીથી પાછા બોલાવ્યા ને મહંત બનાવવાની વાત માંડી વાળી.

વળી સ્વામી ધર્મની બાબતમાં કોઈની શેહ કે શરમમાં લેવાઈ જતાં નહિ. વડોદરામાં એકવાર એમના આગમનથી હરખાઈને હરિભક્તોએ ખાસ દૂધપાક પૂરીની રસોઈ આપી. આની જાણ થતાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને હરિભક્તોના આગ્રહથી બચવા પોતે વહેલા ઉઠીને બાજુના કલાલી ગામે જતા રહ્યા હતા. બોટાદના નગર શેઠ ભગા દોશીએ સ્વામીના પરતરમાં આગ્રહ કરાવીને સંતો પાસે બિરંજ પીરસાવ્યો ત્યારે આ ધર્મસંકટમાંથી બચવા સ્વામીએ સહુ સાંભળે એમ પોતાના મનને કહેવા માંડ્યું, 'નિષ્કુળાનંદ, તું જમી લે. તારાથી આ મોટા શેઠની મહોબત નહિ મૂકાય.' આમ બે ત્રણવાર બોલ્યા પણ એકેય કોળિયો મોંમાં ન મૂક્યો એટલે સ્વામીજી કોચવાયા જાણી શેઠે વધારે આગ્રહ ન કર્યો સ્વામી જારનો રોટલો ને છાશ જમ્યા. આવા તો એ વિતરાગી ને સંયમી સંતપુરુષ હતા. પોતાના વૈરાગ્યને બાધક એવું ગળ્યું, ચિકણું કે સ્વાદિષ્ટ ભોજન કદિ જમતા નહિ, ખાનપાનમાં એમને સદાય અરુચિ રહેતી.

ધોલેરામાં એ વખતે પાણી ખારાને પ્રદેશ નિરસ હોવાથી ત્યાગ વૈરાગ્યે યુક્ત સંતો સિવાય બીજા ભાગ્યેજ જવાનું પસંદ કરતા. શ્રીજીની આજ્ઞાથી આ વિતરાગી સંત સદ્. ભાયાત્માનંદ સ્વામીની સહાયમાં અહીં રહ્યા હતા. સહજે તપ થાય એવું આ સ્થાન એમના અંગને અનુકૂળ થઈ પડ્યું.

ઈષ્ટદેવ શ્રીહરિ સ્વધાન પધાર્યા ને વજ્રઘાત સમા પ્રસંગનું આ સંતવર્યે વ્યથિત અને વિરહપૂર્ણ અશ્રુભીનું વર્ણન આ ગ્રંથના અંતિમ પ્રકરણોમાં આલેખ્યું છે જે વાંચતા આજેય આપણી આંખોમાં આંસુ ઉભરાય આવે છે.

ઈષ્ટદેવના અંતર્ધાન પછી આ સંતવર્યે વિરહમાં અંતિમ આયુષ્ય ધોલેરામાં

વિતાવ્યું. કાળે કરીને સત્સંગમાં કેવું પરિવર્તન આવશે એના ઓળા આ ત્રિકાળદર્શી સંતવર્યને જણાઈ ગયા હતા. એથી એમણે સાવધાનીની ટકોર કરવાના હેતુથી 'શ્રીજી પધાર્યા સ્વધામમાં મેલી પોતાના મળેલ.' આ કીર્તનમાં સત્સંગનું ભાવિ ભાખી પોતાના અંતરની અકળામણ ઠાલવી છે. આજે સહુ કોઈને એની પ્રતીતિ થઈ ચૂકી છે.

પોતાની ઉતરાવસ્થા સત્સંગ સાહિત્ય સેવામાં વિતાવી આ સંતવર્ય સંપ્રદાયની પુષ્ટિ માટે દેહપર્યંત વિવિધ ગ્રંથો ન કીર્તનોની રચના કરતા જ રહ્યા. ભક્તિનિધિ એ એમનો છેલ્લો ગ્રંથ અને 'કહે નિષ્કુળાનંદ છેલ્લી છંદ રે વીર વિચારે' એ એમનું વૈરાગ્યપૂર્ણ છેલ્લુ પદ. શ્રીજીના દહોત્સર્ગ પછી ૧૮મે વર્ષે સં. ૧૯૦૪ (સને ૧૮૪૮)માં ધોલેરામાં ભૌતિક દેહનો ત્યાગ કરી સત્સંગના એક અડીખમ સ્તંભ સમા આ અક્ષરમુક્તે વિદાય લીધી ત્યારે સમગ્ર સત્સંગમાં સન્નાટો છવાઈ ગયો હતો.

આ નિષ્કામ કર્મયોગી સંતવર્યે આ ભૂમિ પર ૮૨ વર્ષ સત્સંગ સેવામાં વિતાવ્યાં. શરીરે ગૌણ વર્ણના ને કાયાએ કૃશ હોવા છતાં તેઓશ્રી તેજસ્વી, ઓજસ્વી ને સૌમ્યમૂર્તિ સંત હતા. તેમના જીવનની પ્રત્યેક ઝલકમાં ત્યાગ-વૈરાગની આભાપ્રભા સદાય જોવા મળતી.

શ્રીહરિની સોહામણી સંતમાળામાં શુક્રતારાનીજેમ ઝળહળતા આ તેજસ્વી સિતારા સંતના વિરલ ને ભાતીગળ સંતજીવનમાં કલ્યાણકારી અનેક શુભગુણોનો સમન્વય જોવા મળતો હતો.

લોકમાતા ગંગાના પુનિત પાવનકારી વારિપ્રવાહ સમા આ સંત વિભૂતિના પાવનકારી પ્રેરક જીવન અને કવનને અનેકને પ્રભુપ્રેમમાં પિયૂષ પાયાં છે અને વિશેષ પ્રેરણા પાથેય પૂરું પાડ્યા કરશે.

ધર્મ, જ્ઞાન, ત્યાગ ને પ્રેમલક્ષણા ભક્તિથી મઘમઘતું આ સંતવર્યનું દિવ્યજીવન આપણા જીવનપથને સદાય અજવાળતું રહે એજ અભ્યર્થના સાથે આ મહાન અક્ષરમુક્તના ચરણમાં કોટિકોટિ વંદન !

●●●